જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૨૩/૦૭/૨૦૨૦ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૨૨૪/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૯૯૨ | ૧૦૬ | ૧૦૦૯૮ | ૧૬૦૪૬ | ૧૦૬ | ૧૬૧૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૦૪ | 3 | ૪૩૦૪ | ૫૮૧૭ | 3 | ૫૮૨૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | 0 | ૪૩ | ૨૦૩ | 0 | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૨૮૩૬ | ૫૮ | ૧૨૮૯૪ | ૧૩૩૧૩ | ૭૦ | ૧૩૩૮૩ |
| | કુલ | ૨૭૧૭૨ | ૧૬૭ | ૨૭૩૩૯ | ૩૫૩૭૯ | ૧૭૯ | ૩૫૫૫૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૪ | ૯,૬૪,૨૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૬૭૧ | ૭,૩૪,૨૦૦/- |

# પેરોલ જમ્પના આરોપીની અટકાયતની વિગત

## જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન :-

## ઇ.પી.કો. કલમ ૩૦૨,૧૧૪ ના ગુનાનો પેરોલ પરથી ફરાર થયેલ કેદી પકડી પાડતી જી.આઇ.ડી.સી. વટવા પોલીસ

સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર "જે" ડિવીઝન સાહેબ નાઓ તરફથી મળેલ સુચના આધારે પેરોલ ફર્લો રજા પરથી ફરાર થયેલ આરોપીઓ ને શોધી પરત જેલમાં મોકલી આપવા આપેલ સુચના આધારે પોલીસ ઇન્સપેકટર શ્રી ડી.આર.ગોહીલ સાહેબ તથા સર્વેલન્સ પો.સ.ઈ શ્રી સી.એમ.રાઠોડ સાહેબ ના માર્ગદર્શન હેઠળ હે.કો. બળવંતસિંહ મંગળસિંહ બ.ન.૯૩૧૬ તથા પો.કો. વિક્રમસિંહ રણજીતસિંહ બ.ન.૩૩૯૫ નાઓએ સંયુક્ત રીતે ચોક્કસ બાતમી હકીકત મેળવી જે આધારે અમરાઇવાડી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં-૧૪/૨૦૧૦ ઇ.પી.કો. કલમ ૩૦૨,૧૧૪ વિગેરે મુજબના ગુનામાં આજીવન કારાવાસની સજા ભોગવી રહેલ આરોપી આનંદભાઇ નગીનભાઇ વાઘેલા ઉ.વ.૩૩ રહે.મ.ન.વિંઝોલ ગામ, હરીજનવાસ, તા-દસકોઇ જી.અમદાવાદ વાળો દીન-૭૫ ની પેરોલ રજા ઉપર છુટી પરત જેલે હાજર થયેલ નહી અને પેરોલ પરથી ફરાર થઇ નાસતો ફરતો હોય જેથી રાણીપ પો.સ્ટે. એન.સી.નં-૦૦/૨૦૨૦ પ્રિઝન એક્ટ કલમ ૫૧(એ)(બી) થી એન.સી. ફરીયાદ અત્રે મળતા જી.આઇ.ડી.સી. વટવા પો.સ્ટે. એન.સી. ફરીયાદ નં-૦૪/૨૨૨૦ તા-૨૨/૦૭/૨૦૨૦ પ્રિઝન એક્ટ કલમ ૫૧(એ)(બી) થી ફરીયાદ દાખલ કરેલ હોય જેથી સદરીને તા-૨૩/૦૭/૨૦૨૦ ના રોજ પકડી અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલ પરત સોંપવા તજવીજ હાથ ધરી સારી કામગીરી કરેલ છે.



# પાસા અટકાયતની વિગત

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબીશન સબંધી ૧(એક) તથા મિલકત સબંધી ૧(એક) કુલ બે આરોપીની પાસા અટકાયતી તરીકે ધડપકડ કરતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબની સુચના આધારે તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડિવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એમ.એ.સિંહનાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પોસઇશ્રી પી.કે.ગોહીલ તથા સર્વેલન્સ સ્કોર્ડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ પ્રોહીબીશનના ગુનામા ૧(એક) તથા મિલકત સબંધી ૧(એક) આરોપીઓ વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય, સદરી આરોપી ઓને પોસ્ટે ખાતે લાવી પાસા અટકાયત કરી નીચે મુજબની પાસા હુકમની બજવણી કરેલ છે.

અત્રેના કાગડાપીઠ પો.સ્ટે. ગુ.ર.નં.સી/૦૦૭૮૦/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઇ) મુજબના દેશીદારૂના કબજાના ગુનામાં આરોપીબેન નામે પુનમ ઉર્ફે પુનીયા મહેશભાઇ બચુભાઇ ચુનારા ઉ.વ.૪૦ રહે.મહાકાળીની ચાલી સીટી મીલની બાજુમાં મહાકાળી મંદિરની પાસે રાયપુર દરવાજા બહાર અમદાવાદ શહેર નાઓ તથા (૧) કાગડાપીઠ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૧૨૦/૧૯ ધી ઇપીકો કલમ, ૩૮૦ મુજબ તથા (૨) કાગડાપીઠ પો.સ્ટે. ગુ.ર.નં.એ/0003/૨૦૨૦ ધી ઇપીકો કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ તથા જીપી એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ ના શરીર તેમજ મિલકત સબંધી ગુનામા આરોપી નામે અનિલ ઉર્ફે બીડી સ/ઓફ દશરથભાઇ વિરચંદભાઇ ઠાકોર, ઉ.વ.૨૭, રહે, અફઝખાનનો ટેકરો, ન્યુ ક્લોથ માર્કેટ સામે, સારંગપુર, અમદાવાદ શહેરનાઓ વિરૂધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રીનાઓ સમક્ષ સાદર કરતા તેઓશ્રી સાહેબે તેઓની કચેરીના ક્રમાંક/PCB/DTN/પાસા/૫૧૪-૫૧૫/૨૦૨૦ તા.૨૧/૦૭/૨૦૨૦ અન્વયે સદરી પાસા અટકાયતીઓને “મધ્યસ્થ જેલ લાજપોર સુરત” જેલ મોકલી આપવા હુકમ કરેલ. જે હુકમ આધારે મજકુર પાસા અટકાયતી નં.૧ નાઓને તા.૨૨/૦૭/૨૦૨૦ ના કલાક ૧૭/૩૦ વાગે તથા પાસા અટકાયતી નં.૨ નાઓને ૨૦/૦૦ વાગ્યા દરમ્યાન પાસા હુકમની બજવણી કરી “મધ્યસ્થ જેલ લાજપોર સુરત” જેલ ખાતે પાસા અટકાયતી તરીકે રહેવા સારુ જરૂરી જાપ્તા સાથે સરકારી વાહનમા મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૨૨/૦૭/૨૦૨૦



## <u>ગુના નિવારણ શાખા</u> :-

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **<u>તા.૨૨.૦૭.૨૦૨૦</u>** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના ચાંદખેડા, ખોખરા, નવરંગપુરા,વાડજ પોલીસ સ્ટેશન વિસ્તારમા હોટલમાથી મોબાઈલ ફોનની ચોરી કરનારા તેમજ અન્ય કિસ્સામા ફરીયાદીના મકાનમા ગે.કા.પ્રવેશ કરી કબાટના ડ્રોવરમા રાખેલ સોનાની ચેન તથા રોકડા નાણાની ચોરી કરનાર ચોરી કરેલ મુદામાલ પોતાના કબ્જામા રાખી સગરિત ને વેચાણ કરી ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે લાલજીભાઈ ઉર્ફે લાલો ઉકાભાઈ નાથાભાઈ સોલંકી રહેવાસી- ઓડનો ટેકરો ચંદ્રભાગાના છાપરા જોગણીમાતાના મંદિર પાસે જુના વાડજ અમદાવાદ શહેર વિરુધ્ધમા પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | લાલજીભાઈ ઉર્ફે લાલો ઉકાભાઈ નાથાભાઈ સોલંકી રહેવાસી- ઓડનો ટેકરો ચંદ્રભાગાના છાપરા જોગણીમાતાના મંદિર પાસે જુના વાડજ અમદાવાદ શહેર |

- અમદાવાદ શહેરના મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી દેશી દારૂ જનતાના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા મજકુર ઈસમ પોતાના સાગરિત પાસેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો દેશી દારુનો જથ્થો પોતાના સાગરિતને વેચાણ કરવાના ઈરાદે લાવી એકસેસ ઉપર ગેરકાયદેસરના વગર પાસ પરમીટના દેશી દારુના જથ્થાની હેરાફેરી કરી પોતાના સાગરિતો સાથે મળી ગેરકાયદેસરના વગર પાસ પરમીટના દેશીદારુનુ વેચાણ કરી એકબીજાના મેળાપીપણામા ગેરકાયદેસર વગર પાસ પરમીટના દેશીદારુના જથ્થાની હેરાફેરી કરનાર ઈસમો (૧) કૌશિક ઉર્ફે પાંગા ઈશ્વરભાઈ રતીલાલ ઘમંડે (છારા) રહે.કુબેરનગર બંગલા એરીયા સત્યનારાયણ દુધઘરની સામે સીગલ ચાલી છારાનગર અમદાવાદ (૨) પારસ સાગરભાઈ ભોગેકર (છારા) રહેવાસી-નવખોલી સરદાર ચોક કુલવાળી ગલીમા સીંગલ ચાલી છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | કૌશિક ઉર્ફે પાંગા ઈશ્વરભાઈ રતીલાલ ઘમંડે (છારા) રહે.કુબેરનગર બંગલા એરીયા સત્યનારાયણ દુધઘરની સામે સીગલ ચાલી છારાનગર અમદાવાદ |
|  | પારસ સાગરભાઈ ભોગેકર (છારા) રહેવાસી-નવખોલી સરદાર ચોક કુલવાળી ગલીમા સીંગલ ચાલી છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર |

- આ ઉપરાંત પ્રોહીબીશન સંબધી પગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો મળી **કુલ્લે ૮ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૩૬૪ લીટર દેશી દારૂ, ૧૩૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ. ૪ બિયર ટીન, ૨ કાર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૨ કેસ કરી ૪૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૭૨,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૭/૨૦૨૦**

**આનંદનગરઃ** રોહિતભાઇ દલપતભાઇ શાહ (ઉ.વ.૪૮) (રહે. શ્યામસુંદર બંગલોઝ આનંદનગર ફ્લેટ પાછળ આનંદનગર) એ તા.૨૨/૦૭/૨૦૨૦ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આનંદનગર સચીન ટાવરના ગ્રાઉન્ડ ફ્લોર ખાતે આવેલ દુકાન નંબર-૬ “ગોલ્ડ હાઉસ” નામની દુકાનમા માહે જાન્યુઆરી/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી રીકીન કીરીટકુમાર શાહ (રહે. કલાસાગર હાઇટ્સ, બેંક ઓફ બરોડા પાસે ન્યુ રાણીપ) એ નોકરી કરી રોહિતભાઈ શાહનો વિશ્વાસ કેળવી રોહિતભાઈ શાહની ગેર હાજરીમાં દુકાનમાંથી ગ્રાહકોને સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨૧,૮૬,૫૫૧/- વેચાણ કરી નાણા પેઢીમાં જમા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.મીર ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૮/૨૦૨૦**

**શાહીબાગઃ** ખુશ્બુ પ્રદીપકુમાર અગ્રવાલ (ઉ.વ.૩૫) (રહે. રવિ એવેન્યુ ફ્લેટ નમ્રતા પાર્કની બાજુમાં શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૭/૨૦૨૦ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે સોસાયટીના દરવાજા નજીકથી એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ખુશ્બુબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટે આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૯/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** ધર્મેશભાઇ સુરેશભાઇ ચુડાસમા (ઉ.વ.૩૩) (રહે. તપસિધ્ધી સોસાયટી (જીનેશ્વર વિભાગ-૦૨) પાવાપુરી જનાતાનગર રોડ ઘાટલોડીયા) તા.૨૨/૦૭/૨૦૨૦ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે ચાંદલોડીયા અને આંબલી વચ્ચે વિજુપ્રસાદ જનતાનગર ક્રોસિંગ પાસે ફાટક નંબર-૦૭ નજીક ટ્રેનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મસઇશ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૩૦/૨૦૨૦**

**દરીયાપુરઃ** સંજુભાઈ બાલુભાઈ રાઠોડ (ઉ.વ.૩૮) (રહે. આડાવાળી પોળ વાડીગામ દરીયાપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૦ સવારના ૧૦/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.સી.પટેલ ચલાવે છે.

**નરોડાઃ** નીહીર ભુપેન્દ્રભાઇ શાહ (ઉ.વ.૩૨) (રહે. ઇશ્વરકૃપા સોસાયટી વિભાગ-૨ પાર્શ્વનાથ શોપીગ સેન્ટર પાસે નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદસિહ ભીમસીહ ચલાવે છે.

**કાગડાપીઠઃ** ચેતનાબહેન વા/ઓફ પંકજભાઇ પરમાર (ઉ.વ.૨૨) (રહે. સંત રોહીદાસનગરની ચાલી એ.એમ.ટી.એસ.વર્કશોપ પાછળ બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૦ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**નારોલઃ** સોનુકુમાર શિવકુમાર યાદવ (ઉ.વ.૨૩) (રહે. પ્રથમ હાઇટ ડીવાઇન લાઇફ સ્કુલની બાજુમા નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૦ સાજના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી